# ટીપે ટીપે સરોવર ભરાય

– શ્રદ્ધા ત્રિવેદી

એક શહેર. તેમાં મધુભાઈ રહે. સામાન્ય કુટુંબ. ઘરમાં તેમનાં પત્ની માલતીબહેન, બે દીકરા મેહુલ, મયંક અને એક દીકરી સૌથી નાની માલા. ત્રણેય ભાઈ–બહેન સંપીને રહે. જેવાં સંતોષી મા–બાપ તેવાં આ ભાઈ–બહેન. એક વસ્તુથી ચાલતું હોય તો બીજી ન મંગાવે. મધુભાઈને ઘણી વાર થાય : 'ઈશ્વરે આવાં સારાં બાળકો ન આપ્યાં હોત તો મારું શું થાત ?' બાજુના સુધીરભાઈના દીકરાઓ તો બે પેન્સિલ હોય તોય ત્રીજી મંગાવે. ને આ મેહુલ કે માલા ? જ્યાં સુધી પકડીને લખી શકાય ત્યાં સુધી તે વાપરે ને તેમની માને પણ કહેવું પડે ! બાજુવાળાં શીલાબહેનને ત્યાં ઘરઘાટી કપડાં ધુએ, વાસણ માંજે, કચરાંપોતાં કરે ને બહારથી કંઈ લાવવા–મૂકવાનું હોય તો તે પણ કરે ને જો કોઈ વાર ઘરઘાટી ના આવે તો ? શીલાબહેનને માથે દુઃખના ડુંગરા તૂટી પડે ! એવાં તો રઘવાયાં બની જાય કે જાણે શુંનું શુંય ન થયું હોય ! બે–ચાર ઘેર ફરે ને કોઈને બેને બદલે પાંચ રૂપિયા આપીને કામ કરાવે ત્યારે જ એમનો જીવ હેઠો બેસે. ને માલતી ! ઘરનું બધું જ કામ હાથે કરે છે ને તોય ક્યારેય મોં પરથી હાસ્ય ઊડી જતું નથી !' આમ મધુભાઈ મનોમન ઈશ્વરનો પાડ માનતા.

એક સાંજે બધું પરવારી મધુભાઈ છાપું વાંચતા બેઠા હતા. માલતી બહેન રામાયણ વાંચતાં હતાં ને બાળકો પોતાનું લેસન કરતાં હતાં. ત્યાં બાજુવાળાં શીલાબહેન આવ્યાં.

'શું ચાલે છે, માલતીબહેન ?' કહી શીલાબહેન પાસે આવ્યાં. 'સાંજ પડયે આ રામાયણ વાંચવાનું રાખ્યું છે તે વાંચતી હતી.' કહી તેમણે રામાયણ બાજુના ટેબલ પર મૂક્યું ને શીલાબહેનને પાણી આપ્યું. શીલાબહેને પીધું. 'આ તો કાલે અમારી અમીની વર્ષગાંઠ છે તે આ વખતે ઊજવવાનો કાર્યક્રમ રાખ્યો છે તો માલાને જરૂર મોકલજો. મને થયું, અમીને બદલે હું જ જાઉં. માલાને કહેતી આવું ને તમનેય મળતી આવું.'

'બહુ સરસ. માલા જરૂર આવશે.' ને પછી થોડી આડીઅવળી વાતો કરી, ચાપાણી કર્યાં ને શીલાબહેન ગયાં. શીલાબહેન ગયાં એટલે મધુભાઈએ પૂછ્યું : 'તો આપણી માલાની વર્ષગાંઠ ક્યારે આવે છે ? આપણેય કોઈક વાર ઊજવીએ.'

માલતીબહેન : 'એની વર્ષગાંઠ કાલે જ છે, પણ એમના જેવું ઊજવવાનું આપણને ન પોસાય. માલા મંદિરે જઈ આવશે એટલે બસ.'

ને તે પાછાં 'રામાયણ' વાંચવા બેસી ગયાં. પણ મધુભાઈના મનમાંથી માલાની વર્ષગાંઠ ખસી નહીં.

બીજે દિવસે માલા મંદિરે જઈ આવી ને પછી રાબેતા મુજબ બાળકો શાળાએ ગયાં ને મધુભાઈ ગયા ઑફિસે.

સાંજે એ ઘેર આવ્યા ને તરત બૂમ પાડી : 'માલા.....'

ને માલા પણ તરત જ હાજર.

'લે બેટા, આ તારી વર્ષગાંઠ નિમિત્તે ભેટ' – કહી મધુભાઈએ એને એક પેકેટ આપ્યું. માલા તો સાંજ પડયે પાછી આવેલી ગાયને જોઈ જેમ વાછરડું ખુશ થઈ જાય તેમ ખુશખુશાલ થઈ ગઈ ને મધુભાઈને ભેટી પડી. પછી પેકેટ ખોલ્યું, 'અરે વાહ ! આ તો કંઈક જુદા જ પ્રકારનું રમકડું છે કંઈ !' – બે ત્રણ બટનવાળું, એ એક હૅટ પહેરેલા યુવાનનું પૂતળું હતું. પ્રમાણમાં તો ઠીક ઠીક મોટું હતું. 'બેટા, આ આમ રમકડાં જેવું લાગે છે, પણ તું કંઈ હવે ઢીંગલા–ઢીંગલી રમે એવી નાની ઓછી છે ? આ તો ગલ્લો છે. જો, આ રમકડાના માથે જે હેટ છે તે આ બટન દબાવીશ ને એટલે ઊંચી થશે ને કાણું દેખાશે, તેમાંથી તારે પૈસા અંદર નાખવાના. લે આ પાંચ રૂપિયા નાંખ.'

ને માલાએ બટન દબાવ્યું હૅટ ઊંચી થઈ. સાથે ટન....એવો મધુર રણકાર પણ થયો ને માલાએ પાંચ રૂપિયા પધરાવ્યા અંદર. માલતીબહેન, મેહુલ, મયંક બધાં જ આ જોઈ ખુશ ખુશ થઈ ગયાં.

માલાને તો રમકડાનું રમકડું ને ગલ્લાનો ગલ્લો. પણ પછી તો ભાઈ–બહેને ખરી માંડી. શાક લઈને આવે ને જેટલું પરચૂરણ વધે તે જાય ગલ્લામાં. ને પછી તો કોઈ વર્ષગાંઠ નિમિત્તે કે નવા વર્ષ નિમિત્તે કોઈ પણ કારણસર જે કાંઈ આવે તે જાય પેલા ગલ્લામાં. માલતી બહેન ઘણીવાર અકળાય કે આ શું તોફાન માંડયું છે ? જે વધે તે નાખો છો ગલ્લામાં ? ચાર–આઠ આના વધ્યા હોય તો તો સમજ્યા, પણ આ તો પાંચ પૈસા હોય તોય ગલ્લામાં ? થોડા દિવસ સુધી માલાએ જોહુકમી કરી બધા પાસે વધેલું પરચૂરણ નખાવ્યું ગલ્લામાં, પણ ધીરે ધીરે તેની જોહુકમીની અસર ઘટતી ગઈ. બધાં કંટાળવા માંડયાં ને તેથી તેની આવક ઓછી થવા માંડી.

આમ છતાંય તેણે તો નક્કી જ કર્યું હતું કે હું તો એમાં કંઈક નાખીશ જ. કશું નહીં તો રોજ ચાર આના તો ખરા જ. એ માટે તેણે પપ્પાને સાધ્યા. ને પપ્પાએ તેની આ વાત પ્રેમથી સ્વીકારી લીધી. આ ક્રમ તેમનો એવો તો સરસ ચાલ્યો કે કેટલો સમય પસાર થઈ ગયો તેની ખબર ન તેને પડી કે ન મધુભાઈને. વચ્ચે વચ્ચે તેને ક્યારેક પાંચદસ રૂપિયા પણ મળી જતા. સૂરજ ઊગવાનું ચૂકે તો માલા પૈસા નાખવાનું ચૂકે ને ! એમ નિયમિત ગલ્લામાં પૈસા નખાતા રહ્યા.

આમ થોડા દિવસ નહીં. પણ થોડા મહિના પસાર થઈ ગયા.

મોટો મેહુલ હવે કોલેજમાં ભણતો થઈ ગયો હતો. એક વાર એવું બન્યું કે તેની પરીક્ષાની ફી ભરવાનો દિવસ નજીકમાં આવતો હતો. આમ તો મધુભાઈએ જરૂર જેટલા રૂપિયાની સગવડ કરી જ હતી. પણ તે દિવસો દરમિયાન અચાનક મોટાભાઈની ગંભીર માંદગીને કારણે તેમને બહારગામ જવું પડયું. આથી પૈસાની જરૂર એમને પણ પડી. તેમને એમ કે બે દિવસમાં તો હું પાછો આવી જઈશ ને ! એટલે મેહુલને જ્યારે ભરવાના થશે ત્યારે તેમાં પાછા મૂકી દઈશ. બાકી બહારગામ જવાનું તેથી ૫૦–૧૦૦ રૂપિયા તો વધારે રાખવા જોઈએ ને ! – આમ વિચારી તેમણે પેલી ફીના પૈસા, જે બાજુમાં રાખેલા, તેમાંથી ૧૦૦ રૂપિયા લીધા ને પોતે બે જ દિવસમાં પાછા આવી જશે એટલે કશો વાંધો નહીં આવે એમ માની નિશ્ચિંત રીતે ગયા.

પણ થયું એવું કે મોટાભાઈની માંદગી એવી ઝોલાં ખાતી હતી કે તેમને એમ ને એમ મૂકીને ત્યાંથી તેમનાથી ધાર્યું પાછું આવી શકાયું નહીં.

આ બાજુ મેહુલને તો ફી ભરવાનો દિવસ આવી ગયો. હવે ? ઘરમાં મેહુલ અને માલતીબહેન બેઉ ચિંતામાં. ઊંડે ઊંડે થાય કે મધુભાઈ આવી જાય તો સારું. નહીં તો શું થશે ?

‘મમ્મી, જો આજે પપ્પા નહીં આવે ને મારાથી ફોર્મ નહીં ભરાય તો મારું તો આખું વરસ બગડયું જ સમજ.’ ને મેહુલનો અવાજ આટલું કહેતામાં તો ધીમો જ પડી ગયો. નિરાશા અને ચિંતાના વાદળોથી તેનું મન ને ચહેરો અત્યારે ઢંકાઈ ગયાં હતાં. કાળાડિબાંગ વાદળોથી આખું આકાશ કાળુંધબ થયું હોય ત્યાં વીજળીના ચમકારાથી ક્ષણભર અજવાળું અજવાળું થઈ જાય તેમ માલા બોલી : ‘મમ્મી, મેહુલભાઈની જરૂર જેટલા પૈસા તો મારી પાસેથી મળી જશે મારા ગલ્લામાંથી. ચાલ જોઈએ.’

ચિંતાથી ઘેરાયેલાં માલતીબહેનને ખ્યાલ ન આવ્યો કે કયો ગલ્લો ? એટલે પૂછ્યું : ‘કયો ગલ્લો ?’

માલા : ‘ભૂલી ગઈ ? – પેલો બટનવાળો.’

મેહુલ : ‘તે તેમાં તું પાંચિયું–દસિયું નાંખે તેનાથી કંઈ મારું કામ પતે ?’

માલા : ‘પણ જોવામાં શું જાય છે ?’

મેહુલ : ‘અહીં મારો જીવ જાય છે ને તને આવી મશ્કરી કરવાનું સૂઝે છે ? પાંચિયે–દસિયે તે કંઈ આ પ્રશ્ન ઊકલવાનો હતો ?’

માલતીબહેન : ‘એક કામ કરીએ. હું સામેવાળાં શીલાબહેન પાસેથી ઉધાર લઈ આવું. તારા પપ્પા આવશે એટલે આપી દઈશું.’



માલા : ‘ના મમ્મી, એવું કરવાની કંઈ જરૂર નથી. તને ખબર તો છે કે શીલામાસી એક વાર આપશે તો ખરાં, પણ પછી હજાર વાર સંભળાવશે. ના, એના કરતાં હું મારો ગલ્લો જ તોડું ને મેહુલ કે માલતીબહેન કંઈ કહે તે પહેલાં તો તે ગઈ ને પોતાના કબાટમાંથી રમકડું લઈ આવી.’

પણ ખરી મુસીબત હવે જ આવીને ઊભી રહી. ગલ્લો કઈ રીતે ખોલવો કે કોઈનેય આવડતું નહોતું. હવે ?

માલા : ‘તોડી નાખીએ બીજું શું ?’

મેહુલ : 'માલા, હજી કહું છું, તારાં આ પાંચિયાં–દસિયાંથી મારું કામ પતવાનું નથી. માટે ગલ્લો તોડીશું તો તેનુંય નુકસાન. એના કરતાં મૂકી દે પાછો.'

પણ માલા ટસની મસ ના થઈ. તે રમકડાને ઊંધુંચત્તું કરી ફેરવવા લાગી. ને પછી બીજું નાનું બટન જેવું દેખાયું. તેણે એ દબાવ્યું. બધાંનાં આશ્ચર્ય અને આનંદ વચ્ચે હેટ આખી જ છૂટી થઈ ગઈ ને પછી તો માલાએ એ રમકડું ઊંધું કર્યું તો નોટો અને પરચૂરણનો ઢગલો થયો.

મેહુલ : 'જો, જો, આ સો–સોના ઢગલા !'

માતા : 'એમ મશ્કરી ન કર. ગણ તો ખરો.'

મેહુલ : 'ના, તું જ ગણ. મને લાગે છે મમ્મી, તું શીલાબહેન પાસેથી લઈ આવ. મારો સંઘ તો જ કાશીએ પહોંચશે.'

માલાએ માલતીબહેનને કહ્યું : 'મમ્મી, જજે, પણ મને એક વાર આ ગણી લેવા દે.'

માલા તથા માલતીબહેને થઈ પૈસા ગણવા માંડયા. ધીમે ધીમે આંકડો વધતો જતો હતો ને જેમ ખેડૂતો વરસાદ પડે ને રાજી થાય તેમ માલતીબહેન મનોમન રાજી થતાં હતાં, પણ જ્યારે આંકડો ૯૫ રૂપિયાએ પહોંચ્યો ત્યારે ભૂખથી રડતાં બાળક પાસે તેને ભાવતી વાનગી મૂકવામાં આવે ને તે જેવો પ્રફુલ્લિત થઈ જાય તેમ મેહુલ ખુશ ખુશ થઈ ગયો. એ તો માલાને લઈને ગોળ ગોળ જ ફરવા માંડયો ને બોલ્યો :

'મમ્મી, બાકીના પાંચ રૂપિયા તો મારી પાસેથી મળી જશે.' ને આમ સો રૂપિયાનું સરવર છલ્લોછલ ભરાઈ ગયું.

ને મેહુલભાઈનો પ્રશ્ન ઊકલી ગયો. બે દિવસ પછી મધુભાઈ આવ્યા. આવતાંવેંત જ પૂછ્યું :

'અરે મેહુલ, તારા ફોર્મનું શું થયું ? ત્યાં હું સતત ચિંતા કરતો હતો.' માલતીબહેને બધી વાત કરી. મધુભાઈએ માલાને વહાલ કરી કહ્યું : 'તો મારી દીકરીએ નાક રાખ્યું એમ ને ! થોડું થોડું ભેગું કરી એણે તો મોટી રકમ ઊભી કરી. ઈંટે ઈંટે પાળ બંધાય ને ટીપે ટીપે સરોવર ભરાય તે આનું નામ.'

■